## ::::: પ્રભુતામાં પગલાં :::::

♣ મોરબી સ્થિત તુષારભાઈ જયપ્રસાદ વૈશ્નવના પુત્ર ચિરાગના લગ્ન રાજકોટ સ્થિત મયુરભાઈ દેવીપ્રસાદ જોષીપુરાનાં પુત્રી ડો. ઈશા સાથે. ♣ આદિપુરના સંકેત શરદભાઈ ઝાલાના લગ્ન જામનગરના કરિશ્મા ભાસ્કરભાઈ અંતાણી સાથે.♣ ભુજના સ્વ. રશેષભાઈ વૈદ્યનાં પુત્રી વ્યાપ્તિનાં લગ્ન શ્રી ગીરીશભાઈ જોષીના પુત્ર વિજય સાથે. ♣ વડોદરા સ્થિત પ્રકાશભાઈ માંકડના પુત્ર આલાપના લગ્ન જેતપુર સ્થિત ડો. જગદીપ કુલીનચંદ્ર નાણાવટીનાં પુત્રી દ્રષ્ટિ સાથે. ♣ વડોદરાના નિશાંત મુકેશ માંકડના લગ્ન અમદાવાદ સ્થિત કંદર્પ દિલીપભાઇ ધોળકિયાનાં પુત્રી ભક્તિ સાથે. ♣ વડોદરાના ગીરીશચંદ્ર ભૂપતલાલ દેસાઈના પુત્ર ચિંતનના લગ્ન ઉજ્જૈન નિવાસી યોગેશભાઇ દેવીપ્રસાદ ધોળકિયાનાં પુત્રી દેવહૂતી સાથે. ♣ રાજકોટ સ્થિત કશ્યપ રજનીકાન્ત વૈશ્નવનાં પુત્રી માર્ગીનાં લગ્ન વડોદરા સ્થિત અશોકભાઇ દેસાઈના પુત્ર મંથન સાથે. ♣ વડોદરા સ્થિત સ્વ. સુધીરભાઈ એસ. જીકારના પુત્ર ચિંતનના લગ્ન મુંબઈ સ્થિત સ્વ. રવિન્દ્રભાઈ બુચનાં પુત્રી નેહા સાથે. ♣ વડોદરા સ્થિત સ્વ. સુધીરભાઈ એસ. જીકારના પુત્રી ફોરમનાં લગ્ન વડોદરાના હીરલ સાથે.

**સગપણ-સગાઈ :** ♣ અમદાવાદના ડો. પ્રકાશભાઈ દિનકરરાય વૈશ્નવનાં પુત્રી ધારાનું સગપણ જૂનાગઢના નરેન્દ્રભાઈ ટી. માંકડના પુત્ર નિહાર સાથે. ♣ અમદાવાદ સ્થિત કૃપાલી હિમાંશુભાઈ ધોળકિયાનું સગપણ અમદાવાદ નિવાસી મલય શૈલેષભાઈ વૈશ્નવ સાથે. ♣ અમદાવાદ સ્થિત નૈયા કમલેશભાઈ બુચનું સગપણ ભુજ નિવાસી ડો. આલાપ અખિલેશ અંતાણી સાથે.


**Planing USA think Scholar's**

* USA Admissions & VISA Specialist
* Counsiling after 10th & 12th
* International admissions
* All Educational solutations under one roof...

Contact :

**Scholar's Carrer Consultantcy**

Prop. :

**Prakashbhai Pradumnrai Vaishnav**

**M. 9428700857 - R. 2586977**

124, Madhav Vatika,
Sojitranagar Main Road
Above Golden Super Market,
Rajkot - 7. **Ph. O.2476039**
(Timing : Morning 11 to 1 Evening 5 to 8)
**www.scholarscareer.com**


### હાઈકૂ કાવ્ય

મહાનગરો
લફરાસદનમાં
પૈસો બોલે છે.

કેબરે ડાન્સ
આધુનિક કૃષ્ણાનું
વસ્ત્રાહરણ

મેઘ ગગડયા
મોર ગેહકયા યાદ
તૂજ કંઠની

ચંદ્રકલંકો ?
પ્રેમીઓની હાયથી
દાઝી ગયો છે ?

– પરેશકુમાર એમ. વોરા,
રાજકોટ

### શેર અર્ઝ હૈ...!

ભાગ્યની રેખા તો હજીય લાંબી થઈ શકત 'પરેશ'
તારી હથેળી જ ટૂંકી હતી, વિધાતા શું કરે ?

જીવનના હળાહળ આણે પણ કયારેક પીવા પડશે
એમ સમજીને કોઈકે 'પરેશ'એનું નામ રાખ્યું છે.

કયારેક તો કોઈક એના પર મલમ પટ્ટી કરશે 'પરેશ'
એ આશામાં મિત્રો સામે જખ્મી પીઠ કયાં સુધી બેસવું?

– શાયર : પરેશકુમાર એમ. વોરા, રાજકોટ

# -.- લગ્ન વિષયક જાહેરાત -.-

નીચેની કોઈપણ જાહેરાતના પાત્રોના ફોન નંબર મેળવવા માટે સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન ૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરવાથી આપવામાં આવશે.

(૧) એમ.એ. (સાયકો.) જ. ૩/૮૮, ૫'.૨" ઉંચાઈ, કાશ્યપ ગોત્રની માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૨) બી.કોમ., ૧૦/૧૯૮૪ ઉંચાઇ ૫'.૪"/૫૦ પ્રા. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૬૧-(આમરોલી)

(૩) બી.કોમ., જ. ૯/૧૯૮૬, ઉંચાઈ ૫'.૩" બેંકમાં કાયમી નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૩૨-

(૪) બી.કોમ., ડી.ફાર્મ જ. ૧/૧૯૮૩ ઉંચાઈ ૫'.૯"/૬૮ કિ.ગ્રા. ભાવનગર ખાતે એમ. આર તરીકે નોકરી કરતા ગાંગ્યાનસ ગોત્રના માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૭૮-

(૫) એમ.કોમ., જ. ૭૯ ઉંચાઈ ૫'.૯" ઉંચાઈના નોકરી કરતા યુવકને કન્યા સંપર્ક ૦૨૮૧-

(૬) એમ.એ.,પીટીસી., જ. ૧/૧૯૭૫, ઉંચાઈ ૫'.૨"ની ઔક્ષણસ ગોત્રની કન્યાને યુવક.સંપર્ક :

(૭) ગ્રેજ્યુએટ, જ. ૬/૧૯૮૨, ઉંચાઈ ૫'.૧૧" પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૮) એમ.સી.એ., જ. ૨/૧૯૮૭, કોલેજમાં લેકચરર તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૮-

(૯) એમ. કોમ.,પીજીટી આઇટી, જ. ૯/૧૯૭૬ પ્રા. સ્કૂલમાં નોકરી કરતી યુવતીને યુવક. સંપર્ક : ૦૨૮૫-

(૧૦) એમ. કોમ.,પીજીટી આઇટી, જ. ૯/૧૯૭૯ કોર્ટમાં નોકરી કરતી યુવતીને યુવક. સંપર્ક : ૦૨૮૫-

(૧૧) એમ.એસ.સી.,પી.એચડી., જ. ૧૧/૧૯૮૪ અમદાવાદ ખાતે પ્રા. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા સંપર્ક : ૦૨૮૫-

(૧૨) એમ.પી.ટી, જ. ૧૦/૧૯૮૨, ઉંચાઇ ૫'.૫"/૫૫,મુંબઈ ખાતે પ્રા. કલીનીક ધરાવતી, ગાંગ્યાનસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક ૦૨૨-

**<u>નોંધ લેશો</u> :** બરછીની વેબસાઇટ www.barchhi.com ઉપરના wedhelp પ્રોગ્રામમાં તા. ૧ એપ્રિલથી (ખરેખર) પોતાની રીતે પોતાને યોગ્ય પાત્ર 'સર્ચ' કરી શકાશે. આપના સંતાનની એન્ટ્રી 'વેડહેલ્પ'માં આપેલ ફોર્મેટમાં કરવામાં આવેલ ન હોય તો તાત્કાલિક કરાવશો. એન્ટ્રી વિના મૂલ્યે છે. આ અંગેની માહિતી માટે ફોન કરશો નહીં, વેબસાઇટ ખોલીને જોવાની તસ્દી લેશો, સંપૂર્ણ માહિતી મળી રહેશે. આ સાઇટ ઉપરથી અન્ય સાઇટ પણ સર્ચ કરી શકશો.

(૧) ઉપરોકત જાહેરાતોમાંથી આપના સંતાનની લગ્નવિષયક જાહેરાત હોય તો અહીંથી આપવામાં આવતા ફોન નંબર બરાબર આપવામાં આવે છેને ?...તેમાં અમારા લખવામાં કે ટાઇપીંગને કારણે ભૂલ રહી જવાને કારણે ખોટા તો નથી અપાતાને, તેની ફોન દ્વારા ચોકસાઈ કરી લેવા વિનંતી. જાહેરાત વારંવાર છાપવામાં આવતી નથી તેથી આપણા દરેકની મહેનત વિફળ ન જાય. (૨) જ્ઞાતિનું જ્ઞાતિમાં સમાય તે ઉદેશથી (સામે મુજબ ➔) ટચૂકડી જાહેરાત શરૂ કરાયેલ છે. તમે પણ આપી શકો છો. - તંત્રી.

**<u>જોઇએ છે</u> :** રાજકોટ ખાતે કાલાવડ/યુનિ. રોડ આસપાસના ૨ કિ.મી.ના વિસ્તારમાં <u>૨/૩-બીએચકે ફલેટ કે નાનું મકાન</u> બજારભાવથી. જાહેરાતનો હેતુ નાગરને પસંદગી આપી સુખ-શાંતિમય નિવાસસ્થાન મેળવવાનો. સંપર્ક : ૦૭૯ - ૯૩૨૮૮૩૦૦૩૯

# -.- સમાચાર સંચય -.-

♣ **રાજકોટ :** દર વર્ષ મુજબ શ્રી હાટકેશ પાટોત્સવ સમિતિનાં નેજાં હેઠળ શ્રી હાટકેશ દાદાના પાટોત્સવ નિમિત્તે તા. ૧૭/૪ રવિવારના રોજ શ્રી. અ. વ. નાગર બોર્ડીંગ ખાતે રાત્રે ૮ થી ૧૦ સ્વૈચ્છિક અનુદાનથી સમૂહભોજનનું આયોજન કરવામાં આવેલ છે. સૌને જોડાવા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. વધુમાં સમિતિની યાદીમાં જણાવાયેલ છે કે મોંઘવારીને કારણે કેટરર્સ દ્વારા તેમના ભાવમાં ઘણો વધારો કરી દીધેલ છે ઉપરાંત મંડપ, લાઇટ, માઇકનો ખર્ચ જુદો થતો હોય છે, જ્ઞાતિબંધુઓએ તેને ધ્યાનમાં રાખી ઉદાર હાથે સ્વૈચ્છિક યોગદાન તથા આર્થિક રીતે સધ્ધર બંધુઓને ઉદાર હાથે અનુદાન આપવા અપીલ કરવામાં આવે છે.

♣ **જામનગર વ.ના.બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા આ વર્ષના પાટોત્સવનું આયોજન જ્ઞાતિગોર શ્રી રમેશભાઈ આચાર્યના સૌજન્યથી તા. ૧૭/૪/૧૧ને રવિવારના રોજ રેલ્વે કોમ્યુનિટી હોલ,(જંકશન પાસે) ખાતે કરવામાં આવનાર છે.**

♣ અત્રેનાં કુ. હેતા મૌલેશ બક્ષી એમ.બી.એ.ના ત્રીજાં સેમેસ્ટરમાં ૮૩.૩% સાથે INDUS કોલેજમાં પ્રથમ સ્થાન મેળવી ઉત્તીર્ણ થયાં.

♣ મિહીર કૌશિકકુમાર છાયાને ધો. ૧૦માં ૯૬% માર્કસ સાથે ઉત્તીર્ણ થવા બદલ પીજીવીસીએલ કું. દ્વારા રૂા. ૫ હજારનો રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાયા. તાજેતરમાં તેમણે રામાનુજ મેથ્સ એકઝામ ઉચ્ચતમ કક્ષાએ પસાર કરતાં નેશનલ લેવલની પરીક્ષા માટે પસંદગી પામ્યા. આ ઉપરાંત પી.આર.એલ દ્વારા લેવાયેલ ઈન્ડીયન મેથેમેટીકસ ઓલિમ્પીયાડમાં ઉચ્ચતર ગુણાંક સાથે સફળ થતાં રાજ્યકક્ષાનું પ્રતિનિધિત્વ કરી ટેસ્ટ આપશે.

♣ રાજ્યકક્ષાએ યોજાયેલ જી. કે. કોમ્પીટેટીવ એકઝામમાં અત્રેના વ્યોમ જ્યોતિન વસાવડાએ કેન્દ્રમાં પ્રથમ અને સમગ્ર ગુજરાતમાં ૧૮મું સ્થાન પ્રાપ્ત કર્યું.

♣ શ્રી રૂદ્રેશ બુચે પોતાના ૭૫મા જન્મદિનની ઉજવણી સમાજને અલભ્ય સંગીતવારસાની ભેટ આપી કરી. તેઓએ પોતાના(અને બીજાના પણ) જૂના ગીતોના શોખને પોષવા જહેમત લઈ 'સૂનહરે પલ' શીર્ષક અંતર્ગત ૧૯૪૦થી ૧૯૬૦ના દાયકાના યાદગાર અને દુર્લભ ગીતો એકત્રિત કરી તેની ઓડિયો-વિડીયો સીડી તૈયાર કરાવી. તા. ૧૩/૩ના રોજ તેઓના નિવાસસ્થાને યોજાયેલ કાર્યક્રમના અતિથિવિશેષ, જાણીતા સંગીતજ્ઞ શ્રી ભૂપેન્દ્રભાઇ વસાવડાના હસ્તે આ સીડીનું વિમોચન કરવામાં આવ્યું. સંગીત રસિકોની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં આ સીડી તૈયાર કરાવવામાં નોંધપાત્ર યોગદાન આપનાર સૌનું સન્માન કરવામાં આવ્યા બાદ શ્રી રૂદ્રેશભાઈએ જણાવેલ કે જૂના ગીતોને વિસરાતા સૂર, ભૂલે બીસરે ગીત,સદા બહાર નગ્મે જેવાં સુંદર વિશેષણોથી નવાજવામાં આવ્યાં છે અને આજની પેઢીના હોઠ ઉપર પણ તે આવી જ જાય છે,મનના ટોનિક જેવાં આવાં કર્ણપ્રિય ૧૪૦૦ જેટલા ગીતોનો આ સીડીમાં સમાવેશ કરવામાં આવેલ છે. પ્રત્યેક ઓડિયો સીડી રૂા. ૭૫ અને વિડીયો સીડી રૂા. ૧૦૦માં ફોન નં. ૨૪૭૨૬૩૩ ઉપર સંપર્ક કરી મેળવી શકાશે.

♣ સ્વ. પરજન્યરાય હરિલાલ સ્વાદિયા તેમજ સ્વ. જનકરાય ભોગીલાલ માંકડની સ્મૃતિમાં તેમના પરિવારજનો દ્વારા અત્રેના સમર્પણ સોસાયટી સ્થિત શ્રી સોમનાથ મહાદેવના મંદિરમાં ૧૪/૨તી ૧૬/૨ દરમ્યાન વિવિધ મૂર્તિઓના પ્રતિષ્ઠા ઉત્સવ દરમ્યાન આદ્યકવિ નરસિંહ મહેતાની પ્રતિમાનું સ્થાપન અને અનાવરણ કરવામાં આવ્યું.

♣ ચિ. ઝંકૃત કંદર્પ વસાવડા(ઉ. વ. ૭) રાજ્યકક્ષાની જી. કે. ની પરીક્ષામાં રાજકોટ કેન્દ્રમાં પ્રથમ આવ્યા.

♣ આરાધના વૃંદ દ્વારા 'વાંચે ગુજરાત' અભિયાનના ભાગ રૂપે એક મીની સાહિત્યસભા યોજાય ગઈ. જેમાં પ્રમુખ શ્રીમતી રક્ષાબેન પોટાના નેજાં સભ્ય બહેનોએ પોતાના વિચારોને પદ્ય કે ગદ્ય સ્વરૂપે રજૂ કરી ગોષ્ટિ રસપ્રદ બનાવી હતી.

**♣ અત્રેની રેસકોર્ષ લાફીંગ કલબ +દ્વારા યોજોયેલ સન્માન સમારોહમાં ૮૦ વર્ષ ઉપરની વયમાં શ્રી જયોતિન્દ્રભાઈ(બચુભાઈ) ધોળકીયાનું સન્માન કરવામાં આવ્યું.**

♣ શ્રી પ્રદિપ જી. દેસાઈને એસ.બી.આઇ. જાગનાથ પ્લોટના કાર્યકાળ દરમ્યાન રીજીયનમાં બેસ્ટ બ્રાંચ તરીકે તેમજ હાઉસીંગ લોનમાં સમગ્ર રાજકોટ જીલ્લાની ૨૬૦ શાખાઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ રૂા. ૪૦ હજારના રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા.

**♣ અ. ભા. ગાંધર્વ મહાવિદ્યાલય મુંબઈ દ્વારા લેવાયેલી સંગીત પ્રવેશિકા પૂર્ણ (ગાયન)ની પરીક્ષામાં ચિ. રીયા હીરેન ઓઝાએ વિશેષ યોગ્યતા મેળવી.**

♣ **જામનગર :** અત્રેની અગ્રગણ્ય નારી સંસ્થા સખી કલબ–રમાં શ્રીમતી સોનલ મનોજ નાણાવટી વર્ષ ૨૦૧૧ માટે ઉપપ્રમુખ પદે વરાયાં.

♣ સોની ટીવી પરથી પ્રસારીત થતી શ્રેણી (સીરીયલ)'કૃષ્ણાબેન ખાખરાવાલા'(ઈન્દીરા કૃટીનન) જામનગરની મુલાકાતે આવતાં મહિલા સંસ્થા વતી શ્રીમતી સોનલ મનોજ નાણાવટીએ તેમને સત્કારી ઈન્ટરવ્યુ લીધો.

♣ અત્રે સિવિલ જજ તરીકે ફરજ બજાવતાં અવાશિયા દંપતી શ્રી ભાવેશભાઈ કે. અવાશિયા તથા શ્રીમતી ફોરમબેન અવાશિયા વિરમગામ ખાતેની કોર્ટમાં બદલાયાં.

♣ મૂળ રાજકોટના શ્રી પુષ્પેન્દ્ર આર. નાણાવટી વિવિધ શહેરોના આયકર કાર્યાલયોમાં વિવિધ પદો પર રહીને ૪૧ વર્ષની દીર્ઘકાલિન અને નિષ્ઠાવાન ફરજ બજાવી વેરાવળ ખાતેથી આયકર અધિકારી તરીકે નિવૃત્ત થતાં એડીશનલ કમિશ્નરની આગેવાની હેઠળ ભાવભીની વિદાય આપવામાં આવી. તેઓ ફરજના શરૂઆતના ૧૫ વર્ષ રાજકોટ ખાતે કાર્યરત હતા.

**♣ તા.૨૧/૨/૧૧ના રોજ ટાઉનહોલ ખાતે શ્રીમતી હીર પરેશ બુચની નૃત્ય સંસ્થા 'શાકુન્તલ સ્કૂલ ઓફ ડાન્સીસ'ની વિદ્યાર્થીનીઓ દ્વારા વિશ્વભરના નૃત્યોની શૈલીઓ પ્રસ્તુત કરતો 'નૃત્યોત્સવ' રજૂ થઈ ગયો. કાર્યક્રમના મુખ્ય નિયામક અને સંચાલિકા શ્રીમતી સોનલબેન નાણાવટી હતાં, જ્યારે સહ સંચાલક શ્રી નીલેષ ઓઝા હતા. બહોળી સંખ્યામાં ઉપસ્થિત દર્શકોએ આ અલભ્ય કાર્યક્રમને નવાજયો હતો.**

♣ રાજકોટના શ્રી રોહીતભાઈ છાયાના પિતાશ્રી સ્વ. અજીતભાઈ ગીરધરલાલ છાયાની ૧૦૧મી જન્મજયંતિ નિમિત્તે તેઓના સંસ્મરણો, અનુભવોને રજૂ કરતી પુસ્તિકાનું શ્રી ભાસ્કરભાઈ જ. છાયાના વરદ હસ્તે જામનગર હાટકેશ હોલમાં કુટુંબીજનોની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવ્યું.

♣ અત્રેના શ્રી યોગેશ એ. પોટા સપરિવાર દુબઈના પ્રવાસે જઈ આવ્યા.

♣ જા. વ. નાગર બ્રાહ્મણ સેવા સમિતિના ઉપક્રમે તા. ૯/૧ના રોજ જ્ઞાતિની વાડીમાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૩૫ વ્યકિતઓએ રકતદાન કરેલ.જેનું સંચાલન શ્રી પ્રાર્થેન શુકલ તથા શ્રી હિતાર્થ પંડયાએ કર્યું હતું. આ ઉપરાંત આ સંસ્થાના સહકારથી તા. ૨૩/૧ના રોજ ધર્માઉના ડેલા ખાતે હાડકાની ઘનતા (કેલ્શીયમ)ચેકઅપ કેમ્પ યોજવામાં આવતાં ૧૧૦ જેટલા જ્ઞાતિજનોએ તેનો લાભ લીધો હતો.

♣ નાગર પ્રિમીયર ક્રિકેટ ટુર્નામેન્ટ તરફથી તા. ૨૨/૪ના રોજ ઓપન સૌરાષ્ટ્ર કચ્છ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. એન્ટ્રી ફી રૂા. ૧૧૦૦ રાખવામાં આવી છે. અન્ય વધુ માહિતી માટે પિયુષ ધોળકિયા-૯૪૨૮૩૨૦૩૦૦ અથવા ફોન : ૨૬૬૧૪૧૭નો સંપર્ક કરવા વિનંતી છે.

♣ ધરા જેલન્દુ છાયા તથા કિંજલ ધીમંત માંકડે સી.એ.ની એન્ટ્રન્સ પરીક્ષામાં સફળતા મેળવી.

♣ ભકતકવિ નરસિંહ મહેતાની હારમાળા જયંતિ નિમિત્તે જા. વ. નાગર મંડળની કારોબારી સમિતિ દ્વારા ગત તા. ૧૨ના રોજ નરસૈયાની પ્રતિમાને ફૂલહાર,ધૂન વગેરેનું આયોજન કરાયેલ જ્યારે સાંજે હાટકેશ હોલમાં ભજન સંધ્યા અને બાદમાં અલ્પાહારનું આયોજન પણ કરાયેલ.

♣ **અમદાવાદ : પ્રા. કમલ છાયાના નિવાસ સ્થાન(બી-૩૦૧,સુકિર્તી ગાર્ડન,રામદેવનગર) ખાતે તા.૪/૪ થી ૧૧/૪/૧૧ સુધી ચૈત્રી નવરાત્રિ નિમિતે ઘટસ્થાપન કરવામાં આવનાર છે. તા. ૧૦/૪ના રોજ સાંજે ૪ થી ૬:૩૦ તેરકવચના ગરબા, તા.૧૧ રોજ સાંજે ૪ વાગે બીડું હોમાશે. દરરોજ ૫ થી ૬:૩૦ ગરબા અને ૭:૧૫ કલાકે આરતી થશે. સૌને લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.**

♣ અ. સૌ. માલિની અમરીશ હાથી તેમનાં પુત્રી કુ. પ્રાચી તથા પુત્રવધૂ અ. સૌ. જાન્હવી હાથીએ તથા અ. સૌ. જલશ્રી હાર્દિક હાથીએ ઈ ટીવીના રસોઈ શોમાં ભાગ લીધો. અ. સૌ. જાન્હવી હાથીએ ઈ ટીવી દ્વારા પ્રાયોજીત દેશી વાનગી સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવેલ છે.

♣ અ. સૌ. માલિની અમરીશ હાથીએ ટીવી-૯ રસોઈ ફાઇવસ્ટાર તડકા કાર્યક્રમમાં પોતાની રસોઈ કળા પ્રદર્શિત કરી.

♣ અત્રેના ચિ.જેસલ નિશિથભાઈ દેસાઈ શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વ. ના. મંડળ દ્વારા યોજાયેલ સ્તોત્ર સ્પર્ધામાં દૈવી અપરાધ ક્ષમાપન સ્તોત્ર કંઠસ્થ બોલી પ્રથમ વિજેતા થયા. રાષ્ટ્રીય સ્કાઉટ ગાઇડમાં ચાર વર્ષથી સક્રિય ચિ. જેસલે તેના કેમ્પમાં પણ ભાગ લીધેલ છે. ઉપરાંત અન્ય ઈતર પ્રવૃત્તિઓમાં પણ અગ્ર છે.

♣ **ગાંધીનગર :** અત્રેના ભાશ્વિનકુમાર પ્રતાપરાય આચાર્યના પુત્ર નિસર્ગ આચાર્ય અમદાવાદ ખાતે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સીટી કાું. લી.માં આસીસ્ટન્ટ મેનેજર (બીઝનેશ ડેવ.)તરીકે નિયુકત થયા.

♣ **કિલ્લોલ અંશુમન બુચ વણાકબોરી ખાતે જી.ઈ.બી.માં. એન્જીનીયર તરીકે જોડાયા.**

♣ **વડોદરા :** ડો. રાજેન્દ્ર કે. હાથીના પુત્ર શાર્દુલ હાથી મેટ્રીક્ષ કોમસેક પ્રા. લી. કંપનીમાં લોજીસ્ટીક ઓફીસર તરીકે નિમાયા.

♣ શ્રીમતી મિત્સુ શાર્દુલ હાથીના આરોગ્ય વિષયક વાર્તાલાપો આકાશવાણીના વડોદરા-અમદાવાદ કેન્દ્ર પરથી 'પ્રકૃતિ' કાર્યક્રમ હેઠળ પ્રસારીત થયા.

♣ શ્રીમતી હેતલ પ્રણવભાઈ હાથી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોમ્પ્યુટર ઓપરેટર/કલાર્ક તરીકે જોડાયાં.

♣ પ્રણવ મધુકરભાઈ હાથી બુલીયન ફેકસીપેક પ્રા. લી. કંપનીમાં એકસાઇઝ ઓફીસર તરીકે નિમાયા.

♣ સ્વર્ણિમ ગુજરાત આયુર્વેદ મહાસંમેલન સમિતિ, મિશન આયુર્વેદ રાજકોટ તથા ગુજરાત આયુર્વેદ બોર્ડ તરફથી રાજ્ય સરકારના વનવિકાસ નિગમના ધન્વન્તરી પ્રોજેકટના સલાહકાર ડો. રાજેન્દ્ર કે. હાથીનું તેઓની આરોગ્ય/આયુર્વેદની પ્રશિષ્ટ કામગીરી બદલ જામનગરના ટાઉનહોલ ખાતે ગુજરાત આયુ. યુનિ.ના કુલપતિ ડો. એમ.એલ. શર્માના હસ્તે શાલ ઓઢાડી પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું.

♣ **૬૭ વર્ષીય શ્રી શીરીષભાઈ પ્રાણલાલ બુચ દંપતી ૪૩ કિ.મી. ગિરનાર પરિક્રમા દોઢ દિવસ**

માં સંપન્ન કરી આવ્યા.

♣ શ્રી ધ્રુવકુમાર વિષ્ણુપ્રસાદ બક્ષી પરિવાર દ્વારા તા. ૨૦/૧ના રોજ કિર્તનકાર શ્રી અતુલ પૂરોહીતના સંગીતમય સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૪૦૦ જેટલા રસિકજનોએ લાભ લીધો હતો. અંતમાં કુટુંબીજનોએ મહાપ્રસાદ લીધેલ.

♣ **મુંબઈ :** અત્રેના મેહૂલ ભૃગુરાય બુચનાં પુત્રી કુ. મૌસમ બુચ તાજેતરમાં લેવાયેલ સી. એ. ફાઇનલની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થઈ સમગ્ર બુચ તથા શ્રીમતી સોના મહેન્દ્ર ઝા કુટુંબને ગૌરવ બક્ષેલ છે.

♣ યુનેસ્કો એવોર્ડ વિજેતા અને પ્રતિ વર્ષ પોતાની કોરીયોગ્રાફી દ્વારા ભારતની સંસ્કૃતિને દેશવિદેશમાં જીવંત રાખતા સંદીપ પ્રથમેશ મંકોડીએ તાજેતરમાં અત્રેના તેજપાલ હોલ ખાતે ભવ્ય ડાન્સ પ્રોગ્રામનું આયોજન કરેલ. 'દીપજ્યોતિ' સંસ્થા ૨૧ વર્ષથી કાર્યરત છે અને મુંબઈ ખાતેના વિસ્તારોમાં પોતાના કલાસ ચલાવે છે.

♣ શ્રી વ. ના. મંડળ,મુંબઈની મહિલા પાંખ દ્વારા ત્રિમાસિક ધોરણે પ્રકાશિત થતાં 'પ્રિયદર્શિની' સામાયિકનો મે માસમાં પ્રસિધ્ધ થનાર અંક 'મા' વિશેષાંક રહેશે. જ્ઞાતિબંધુઓ 'મા' વિષયક પોતાની મૌલિક કૃતિઓ તા. ૧૦ એપ્રિલ સુધીમાં મળે તે રીતે શ્રીમતી વિશાખાબેન પોટા (૧૧ સિધ્ધાર્થ એપા. પારેખ લાઈન, કાંદીવલી(વે)મુબઈ-૬૭)ને મોકલી આપવા અને 'પ્રિયદર્શિની' નું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- રાખવામાં આવેલ છે તેમ જણાવાયું છે.

♣ **જૂનાગઢ :** બહેનો ઘેર બેઠાં સ્વરોજગારી મેળવી શકે તે ઉદેશથી શ્રીમતી ગ્રીષ્માબેન નાણાવટી (ઢેબર ફળીયા) બહેનોને હીરામોતીના ઘરેણા બનાવતાં શીખવી રહયાં છે. રસ ધરાવતાં બહેનો સંપર્ક કરશો.

♣ પાટણવાવ (ધોરાજી) પાસે આવેલ ઓસમ ડુંગરમાં બીરાજમાન માત્રીમાનાં સાન્નિધ્યમાં ગત તા. ૬/૨ના રોજ સમસ્ત નાગર પરિવાર, ગાંધીગ્રામ જૂનાગઢના ઉપક્રમે પ્રવાસનું આયોજન થઈ ગયું. વિશાળ સંખ્યામાં પરિવારજનોએ જોડાઇને પ્રવાસની મોજ માણી હતી.

♣ સમસ્ત નાગર પરિવાર ગાંધીગ્રામે તેમની રજતજયંતિની ઉજવણીના ભાગરૂપે 'મૃદંગ' નામક ગરબા સંગ્રહ પ્રસિધ્ધ કરવામાં આવ્યો. જેમાં ગરબા ઉપરાંત સ્તુતિ, તેરકવચના ગરબાનો સમાવેશ કરાયેલ છે. જે મેળવવા જૂનાગઢ ખાતે સમસ્ત નાગર પરિવારના આયોજકો અથવા શ્રી મુકેશ દેસાઈ-૯૪૦૮૫ ૭૫૭૫૨, જામનગરમાં શ્રીમતી જીજ્ઞાસાબેન છાયા-૦૨૮૮-૨૭૧૦૦૬૯, વડોદરામાં શ્રી મહેન્દ્રભાઇ છાયા- ૯૮૨૫૧૬૬૧૬૮નો સંપર્ક કરવા જણાવાયેલ છે.

♣ સ્ત્રીનિકેતન દ્વારા યોજાયેલ ઓપન જૂનાગઢ ફેન્સીડ્રેસ સ્પર્ધામાં શ્રેયાંગ પૂર્ણિતભાઈ ઘોડા (ઉ.વ. ૧૧)પ્રથમ વિજેતા થયા.

♣ **ભાવનગર :** ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર બ્લડ ટ્રાન્સફયુઝન અને ભાવનગર બ્લડ બેંકના સંયુકત ઉપક્રમે રકતદાન કેમ્પના આયોજકો અને રકતદાતા મોટીવેટર્સ માટે પાલીતાણા ખાતે યોજાયેલ બે દિવસ માટેની ખાસ કાર્યશાળામાં જ્ઞાતિના શતકવીર રકતદાતા શ્રી જયેશ કુન્દનલાલ અંતાણીએ વિશેષ આમંત્રિત વકતા તરીકે 'રકતદાન અંગે પ્રવર્તમાન ગેરસમજણો અને મારા અનુભવો' વિષય ઉપર મનનીય વકતવ્ય આપી ઉપસ્થિત તજજ્ઞો તથા રાજ્યભરની ૪૫થી વધુ બ્લડ બેંકના સભ્યોની દાદ મેળવી હતી. આ કાર્યક્રમમાં ટ્રસ્ટીઓ દ્વારા તેમનું સન્માન પણ કરાયું હતું.

♣ શ્રી જયેશ કુન્દનલાલ અંતાણીએ ૧૦૪મી વાર રકતદાન કરી સેવાયજ્ઞ આગળ ધપાવ્યો.

♣ પ્રતિક જયેશભાઈ અંતાણીએ ૧૮મા વર્ષમાં પ્રવેશ અવસરે પ્રથમવાર રકતદાન કરી પિતાશ્રીનાં પગલે ચાલી માનવ સેવાધર્મમાં યોગદાન આપી જન્મદિનની અનોખી ઉજવણી કરી.

♣ બી.એમ. કોમર્સ સ્કૂલના ધો. ૧૨ના વિદ્યાર્થી પ્રતિક જયેશભાઈ અંતાણીએ રાજ્ય સરકાર આયોજીત 'વાંચે ગુજરાત' સ્પર્ધામાં જીલ્લા કક્ષાએ અવ્વલ રહી જીલ્લા શિક્ષણાધિકારી દ્વારા રૂા. ૧ હજારની મૂલ્યનાં પુસ્તકો પુરસ્કાર રૂપે મેળવ્યાં.

♣ **ભુજ :** અત્રેના કુ. ઝુનૈની કલ્પેશ વોરા (ધો. ૮)એ 'વાંચે ગુજરાત' અંતર્ગત યોજાયેલ સ્પર્ધામાં ભાગ લઈ જીલ્લા કક્ષાની સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શીલ્ડ તથા રૂા. ૨૫૦૦/-ના પુસ્તકો પુરસ્કાર રૂપે મેળવેલ. તેમજ સંસ્કૃતિ આર્ટ ફાઉન્ડેશન પાલનપુર દ્વારા યોજાયેલ સ્ટેટ ચાઈલ્ડ જૂથ આર્ટ એકઝીબીશન ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ ગોલ્ડ મેડલ મેળવેલ.

♣ કુ.શ્વેતા કૈવલ્યભાઈ વોરા ડીસેમ્બર-૨૦૧૦માં લેવાયેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પ્રવેશ પરીક્ષા (CPT)માં ૮૦% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા.

♣ શ્રીમતી પંકજબેન સુભાષભાઈ વોરાએ ભુજ લોહાણા મહિલા મંડળ તરફથી યોજવામાં આવેલ બહેનોની ભજન સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી શીલ્ડ મેળવ્યો.

## જામનગર ખાતે ઉજવાયો "મા બરાળદેવીનો પાટોત્સવ"

જામનગર ખાતે હાથી શેરીમાં બિરાજમાન સમસ્ત હાથી કુટુંબના કુળદેવી મા બરાળદેવીનો પ્રાકટયોત્સવ અમદાવાદ સ્થિત શ્રી રાકેશભાઈ હાથીની પ્રેરણા અને સૌજન્યથી જામનગર ખાતે તા. ૧૨/૨/૨૦૧૧ શનિવાર અને તા.૧૩/૨/૨૦૧૧ રવિવારના રોજ ધામધુમથી ઉજવાઈ ગયો. આ પ્રસંગે અમદાવાદ, વડોદરા, રાજકોટ, ગોંડલ, ભુજ, અંજાર, પાલનપુર વગેરે સ્થળોએથી હાથી કુટુંબના લગભગ ૨૦૦ સભ્યોએ હાજરી આપેલ. બહારગામથી આવેલા જ્ઞાતિજનો માટે રહેવા તથા જમવાની વ્યવસ્થા હાટકેશ્વર મંદિર ખાતે કરવામાં આવેલ.

તા.૧૨/૨/૨૦૧૧ શનિવારના રોજ સાંજે ૬થી૮ હાટકેશ્વર મંદિરના હોલમાં બહેનોએ ઈશ્વર વિવાહનું પઠન કરેલ, ત્યારબાદ ભોજન લીધા બાદ રાત્રે ૯થી૧૧ માની આરતી,ગરબા તેમજ સ્તુતિ અર્ચનાથી વાતાવરણ ભક્તિમય બનાવેલ.

તા.૧૩/૨/૨૦૧૧ રવિવારના રોજ સવારે ૮:૩૦ થી બરાળદેવી સન્મુખ નવચંડી હોમાત્મક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી રાકેશભાઈ અને સૌ.શ્રધ્ધાબેન હાથી દંપતીના મુખ્ય યજમાન પદે ૧૩ બ્રાહ્મણોના આચાર્ય પદે પવિત્ર વાતાવરણમાં હોમાત્મક યજ્ઞ થયેલ.મંદિર તેમજ હાથીશેરીને ધજા-પતાકા અને રોશનીથી શણગારવામાં આવેલ.અંતમાં ૧૦૦૧ દીવાની મહાઆરતી - પ્રસાદ વિતરણ કરવામાં આવેલ.

હવન બાદ હાટકેશ્વર હોલ ખાતે મહાપ્રસાદનું આયોજન હતું . પ્રસાદમાં બાસુંદી,ગરમજલેબી,પુરી રોટલી,ઉંધીયું,ભજીયા વગેરેનો આશરે ૨૫૦ લોકોએ લાભ લીધો.

બરાળદેવી માતાજીની વર્ષોથી સેવા-પુજા કરતા જામનગરના પંકજભાઈ હાથી અંજૂબેન અને ઉષાબેન હાથીના કુટુંબે તન-મનથી તૈયારી કરી પ્રસંગને બહુ સારી રીતે દિપાવેલ.અંતમાં હાજર દરેક હાથી કુટુંબને મા બરાળદેવીનો મોટો ફોટો અને પેડાના બોકસનું વિતરણ કરવામાં આવેલ.

બહારગામથી આવેલ કુટુંબોએ દર વર્ષ માનો પાટોત્સવ આ રીતે યોજાય તેવી ઈચ્છા પ્રદર્શિત કરી સૌ સ્વસ્થાને જવા રવાના થયાં હતાં.

## રાજ્યપાલ સુવર્ણચંદ્રક મેળવતાં શ્રીમતી નિધિ કિકાણી



સરદાર કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડાના તા.૨૫/૨/૧૧ના રોજ યોજાયેલ પદવીદાન સમારંભમાં શ્રીમતી નિધિ વૈભવ કિકાણી(પાલનપુર સ્થિત શ્રી હરીશભાઈ માંકડનાં પુત્રી અને રાજકોટના શ્રી ભાલેન્દુ કિકાણીના પુત્રવધૂ)ને એમ.એસ.સી(ફૂડ એન્ડ ન્યુટ્રીશન)માં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન સાથે ઉતીર્ણ થવા બદલ ૨૧ સુવર્ણચંદ્રક માંથી સર્વોચ્ચ 'રાજયપાલ સુવર્ણચંદ્રક' ગુજરાતના રાજ્યપાલ શ્રીમતી કમલાજીના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટીના ૨૧ વર્ષના ઈતિહાસમાં આ ગોલ્ડમેડલ મેળવનાર શ્રીમતી નિધિ કિકાણી સર્વ પ્રથમ મહિલા છે. તેણી દ્વારા રજૂ કરાયેલ વિષયની રાજયપાલ દ્વારા સરાહના કરવામાં આવી હતી. અભિનંદન સહ-શુભેચ્છા.

## એમ.એસ.સી.માં યુનિ.માં સાતમા સ્થાને કુ. ધારણા ઓઝા



પોરબંદરના શ્રીમતી રેખા અને શ્રી રાજેન્દ્ર ઓઝા( બરછી પ્રતિનિધી)નાં પુત્રી કુ. ધારણા ઓઝાએ M.Sc. (IT & CA)ના ત્રીજાં સેમેસ્ટરમાં ૮૬ % પ્રાપ્ત કરીને સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૭ મું સ્થાન કરીને કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે.

કુ. ધારણા પોરબંદરના સ્વ. ભાસ્કરરાય અને ગં. સ્વ. સુધાબેન ઓઝાના પૌત્રી તેમજ રાજકોટના શ્રી ભરતભાઈ મહેતા તથા શ્રીમતી ઈલાબેનના દોહિત્રી થાય. તેણીની જવલંત સફળતાએ ઓઝા તથા મહેતા પરિવારને ગૌરવ બક્ષેલ છે. અભિનંદન.

## પાર્થ અંજારીયા જી. કે. ઓલિમ્પીયાડમાં ગુજરાત પ્રથમ



તાજેતરમાં AINACS દ્વારા લેવાયેલ જી. કે. ઓલિમ્પીયાડ પરીક્ષામાં સમગ્ર ગુજરાતની ૬૦ શાળાના ધો. ૪ થી ૯ સુધીના વિદ્યાર્થીઓમાં ગોંડલના શ્રીમતી કુસુમબેન ચંપકલાલ અંજારીયાના પૌત્ર તથા શ્રીમતી હેતલબેન ચૈતન્યભાઈ અંજારીયાના પુત્ર ચિ. પાર્થ અંજારીયા(ધો. ૭)એ સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવી ગોંડલ સેન્ટમેરી સ્કૂલ તરફથી બે ટ્રોફી તથા રૂા. ૧ હજારનો રોકડ પુરસ્કાર એનાયત થયાં.

## ઓલ ઈન્ડીયા રોલર સ્કેટીંગ ચેમ્પીયન ચિ. મિત શાર્દુલ હાથી



વડોદરા સ્થિત ડો. રાજેન્દ્ર કે. હાથીના પૌત્ર ચિ. મિત શાર્દુલ હાથી (ઉ. વર્ષ ૫.૫ માસ)એ ઓપન બરોડા સ્પીડ સ્કેટીંગ કોમ્પીટીશનમાં પ્રથમ વિજેતા બનીને બે ગોલ્ડ મેડલ ત્યાર બાદ ઓલ ગુજરાત રોલર સ્કટીંગ ચેમ્પીયનશીપ ૨૦૧૧માં ૪થી ૬ વર્ષના વયજૂથમાં પ્રથમ સ્થાન મેળવી બીજા બે ગોલ્ડ મેડલ હાંસલ કર્યા. ઉપરાંત તાજેતરમાંજ યોજાયેલ ઈન્ટરસ્કૂલ સ્કેટીંગ કોમ્પીટીશનમાં ભાગ લઈ પ્રથમ વિજેતા બની પાંચમો ગોલ્ડમેડલ મેળવવા યશભાગી થયા છે.

હાસ્યકલાકાર દાદા રાજેન્દ્રભાઈ ઉપરોક્ત સમાચાર સાથે લખે છે 'હાથી સામાન્ય રીતે મંદગતિનું પ્રાણી કહેવાય પરંતુ મિતની આ 'અમિત' પ્રગતિ જોતાં મંદગતિ માટે વગોવાયેલ હાથીની વાત ખોટી પૂરવાર થાય છે...તેમજ હાથીઓ કરતાં મદનીયાં વધુ આગળ વધ્યા છે..!'

માત્ર ત્રણ માસમાં પાંચ ગોલ્ડ મેળવનાર મિત 'હાથી'ને અભિનંદન. શાબાશ..સરકતા રહો !

## વિશાળ વડલા સમા વડોદરાના વૈષ્ણવજનનું પ્રભુ ધામે પ્રયાણ



વડોદરાના સંસ્કારી, સેવા- તત્પર સજ્જન અરવિંદરાય વૈષ્ણવને કોણ ન ઓળખે? પિતા કેશવલાલનો, જનકલ્યાણની પ્રવૃત્તિનો વારસો અપનાવ્યો, અનેકરૂપે વિકસાવ્યો અને પત્ની,ગરવાં ગૃહિણી મા. રસિલાબેનના સથવારે પુત્રો મૌલિન-દેવાંશુમાં અંકુરિત કર્યો.

વડોદરા-ગુજરાતના જાહેર જીવનમાં ઘણું મોટું સંગીન પ્રદાન : એ ફાયર બ્રિગેડનો પોતાનો બાપ-દાદાનો વ્યવસાય હોય, પૂર રાહતની કામગીરી હોય, એમ્બ્યુલન્સ સેવા જેવી તન મન ધન માગતી વ્યવસ્થા હોય, રાજકારણના પક્ષનું સંચાલન હોય કે ઉદ્યોગ-વિકાસની કપરી જવાબદારી હોય- અરવિંદરાયની રાહબરી નીચે આ વૈષ્ણવ પરિવારે શુદ્ધિ અને સૌજન્યથી એ તમામ પ્રવૃત્તિને ઉજ્જવળ બનાવી છે.

૧૯૪૨માં વડોદરા ફાયર બ્રિગેડના પ્રથમ ચીફ ઓફિસર બનનારા અરવિંદભાઈએ આખી બ્રિગેડનો કાયાકલ્પ કરી એને એટલી કાર્યકુશળ બનાવી કે ભારતના શ્રેષ્ઠ ફાયર બ્રિગેડમાં વડોદરાનું નામ ગાજતું થયું. ભાવ એક જ-નિસ્પૃહ ભાવે જે થાય તે ઉત્તમ રીતે કરવું. ૧૯૭૧માં તેમને રાષ્ટ્રપતિ ચંદ્રક મળ્યો : બહુમાન થયું-ચંદ્રકનું !

વૈષ્ણવ ટ્રસ્ટ સ્થાપી પ્રજાની સુવિધા માટે એમ્બ્યુલન્સ સેવા શરૂ કરી. તાત્કાલિક સારવાર માટે કોઈ પણને માટે ચોવીસે કલાક, એક હાકે,એમ્બ્યુલન્સ ઉપલબ્ધ- અને તેય નગણ્ય કિંમતે. તે ઉપરાંત નરરત્નોની પ્રતિમા વડોદરાના માર્ગો ઉપર સ્થાપિત કરી.

અરવિંદભાઈ અગ્નિશામક તો ખરા, પણ શીતળતા પ્રદાન કરનારા વિશાળ દિલના વટવૃક્ષ પણ હતા. શાંત, સૌમ્ય, સૌજન્યમય,સરલ, નિરહંકારી : જાણે બીજા રમણલાલ વસંતલાલ દેસાઈ ! પરિવારમાં સંસ્કારનું પવિત્ર વાતાવરણ. આદર – સત્કાર – વિનય હરે ફરે. જ્ઞાતિના અગ્રણી. અ.ભા.નાગર પરિષદના પ્રમુખ થયેલા. પણ સર્વત્ર સૌમ્યતા-ઉમદાપણું પ્રસરે. ૭/૩ના રોજ આવો હરિનો જન હરિને વહાલો થાય, તો પરિવાર તો શોકવિહ્વળ બને જ, પણ આપણું સમગ્ર જનજીવન પણ નિરાધાર બની વ્યથામાં ભાગીદાર બન્યું છે.એમની પ્રાર્થનાસભામાં ન ગણાય તેટલા લોકો અમસ્તા તો બેબસ ન બન્યા હોય ?

'બરછી' અને જ્ઞાતિસમાજને ખાતરી છે વૈષ્ણવ પરિવાર અરવિંદ-જ્યોતને ઑર ઉજ્જવળ કરશે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

### અનંતના યાત્રીઓ :

– ભુજના અવિનાશભાઈ અજીતભાઈ પાઠકનું ૭૪ વર્ષની વયે. – ગં. સ્વ. રમાબેન ઈશ્વરલાલ(જીવાભાઈ) વસાવડાનું ૯૭ વર્ષની વયે રાજકોટ ખાતે. – મનવંતરાય ગીરજાશંકર દેસાઈનું અમેરીકા ખાતે ૯૦ વર્ષની વયે. – પોરબંદરનાં ગં. સ્વ. સુશીલાબેન (ગૌરીબેન) સુરેન્દ્રરાય ઓઝાનું અમદાવાદ ખાતે. – કંદર્પભાઈ પ્રદ્યુમ્નભાઈ દેસાઈનું ૫૯ વર્ષની વયે ભાવનગર ખાતે.– ગં. સ્વ. સુશીલાબેન શંકરપ્રસાદ જોષીપુરાનું રાજકોટ ખાતે. – જૂનાગઢના પાંડવરાય કલ્યાણરાય વૈશ્નવનું ૯૯ વર્ષની વયે ઉના ખાતે. – જૂનાગઢ સ્થિત વીનુબેન એસ. ત્રિવેદીનું સુરત ખાતે અવસાન. – મૂળ જૂનાગઢના પાંડવરાય કલ્યાણરાય વૈશ્નવનું ૯૯ વર્ષની વયે ઉના ખાતે અવસાન. – સુરેન્દ્રરાય વૈદ્યનું રાજકોટ ખાતે અવસાન.

## ૧૨૫૦૦ની ઉંચાઈએથી હાઈજમ્પ મારતા જાંબાઝ નિહાર દેસાઈ



આપણે ઈંગ્લીશ ચેનલ ઉપરથી દિલધડક સાહસના કાર્યક્રમો જોઈને રોમાંચ અનુભવતા હોઈએ છીએ. આવો દિલધડક પ્રયોગ અમેરીકા સ્થિત 'નાગર જાંબાઝ !' યુવાન નિહાર મુકેશભાઈ દેસાઈએ કરી બતાવ્યો. લોસ એન્જેલીસ ખાતે પેરીસ ડાઈવીંગ સ્કૂલમાં આકરી તાલિમ દરમ્યાન જમીન માંથી હવાના વહેતા ધોધમાં એસ્ટ્રોનેટની જેમ છત સુધી બેલેન્સ કેમ રાખવું તે શીખવવામાં આવ્યા બાદ એરોપ્લેન દ્વારા ૧૨૫૦૦' ઉંચાઈએ જઈ ભાઇ નિહારે આકાશમાંથી સફળ રીતે ફ્રી ફોલ જમ્પ માર્યો. ઉલ્લેખનીય છે કે આ ઉંચાઈએ ગયા બાદ ૭૫૦૦'ની ઉંચાઈએ આવી જમીનથી ૫૦૦૦'ના અંતર પછી જ પેરેશૂટ ખોલવાનું હતું. નાગર જ્ઞાતિમાં આવાં સાહસ કરનારા વિરલાઓ પણ છે ખરા ! બ્રેવો...નિહાર ! અભિનંદન.

## એમ.એસ.ની પદવી મેળવતાં કુ. ચાંદની દેસાઈ



વડોદરાના શ્રીમતી કાશ્મીરા અને શ્રી મુકેશ ગુણવંતરાય દેસાઈનાં પુત્રી કુ. ચાંદનીએ અમદાવાદની નિરમા ઇન્સ્ટટયુટ ઓફ ટેકનોલોજીમાંથી બી. ટેક.નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અમેરીકા સ્થિત જ્યોર્જીઆ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ખાતેથી બાયોઈન્ફોરમેટીકસમાં એમ.એસ.ની પદવી મેળવી. બેન ચાંદનીએ તા. ૧૭/૧૨ના રોજ યોજાયેલ પદવીદાન સમારંભમાં માતા-પિતા,ભાઇની હાજરીમાં પદવી મેળવ્યા બાદ એટલાન્ટાના અગ્રગણ્ય 'સેન્ટર ફોર ડીઝીઝ કન્ટ્રોલ'માં નોકરીમાં પણ જોડાય ગયાં છે.

## મુખ્યમંત્રીશ્રીનો સન્માનપદક મેળવતા શ્રી નિમેષચંદ્ર અંતાણી



મોરબી નાગર મંડળના પ્રમુખ અને પાણી પૂરવઠા વિ.-૧ના અધિક મદદનીશ ઈજનેર તરીકે કાર્યરત એવા મોરબી હોમગાર્ડઝ યુનીટમાં સેકશન લીડર તરીકે લાંબા સમયથી સેવાઓ આપી રહેલ શ્રી નિમેષચંદ્ર પ્રેમસુખરાય અંતાણીને પ્રશંસનીય ઉત્કૃષ્ટ સેવા પ્રદાન કરવા બદલ પ્રજાસત્તાક દિનના રોજ મુખ્યમંત્રીશ્રીના સન્માનપદકથી સન્માનિત કરવામાં આવ્યા. શ્રી નિમેષચંદ્ર અંતાણીએ જાગૃત અને શ્રેષ્ઠ રકતદાતા તરીકે ૫૩ વખત રકતદાન કરી સૂવર્ણ રકતદાતાનું બહુમાન પ્રાપ્ત કરેલ છે અને જ્ઞાતિ-સમાજના સારા માઠા પ્રસંગે ખડેપગે સેવા આપવા તત્પર રહયા છે.

સમાજમાં જ્ઞાતિનું ઉંચું સ્થાન રાખનાર શ્રી અંતાણી આપણા અભિનંદનના અધિકારી છે.

## શ્રી વ. ના. મંડળ ભુજ દ્વારા મહાશિવરાત્રી ઉત્સવ

શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા શિવરાત્રી ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. સવારે ૭:૩૦ વાગ્યે સમૂહ શિવમહીમ્ન બાદ જ્ઞાતિગોર શ્રી જીતુભાઈ વોરાના આચાર્ય પદે હોમાત્મક લઘુરૂદ્ર કરાયેલ. જેમાં શ્રી શાલીન-જીજ્ઞાસાબેન અંજારીયા, હેતલભાઈ-રૂચિબેન અંજારીયા, અતુલભાઈ-નીલાબેન અંજારીયા, કિરીટભાઈ-નિહારીકાબેન અંજારીયા,બીમલભાઈ-ખ્યાતિબેન વૈદ્ય યજમાન પદે બેઠાં હતાં. ૧૨ વાગ્યે બીડું હોમાયા બાદ આરતી થયેલ ત્યારબાદ ૧ વાગ્યે હાટકેશ કોમ્પલેક્ષ ખાતે સમૂહ ફરાળનું આયોજન કરવામાં આવ્યું હતું.રાત્રે રીચાબેન આચાર્ય દિગ્દર્શીત કુમાર સંભવમ નટરાજ વંદનાની નૃત્યનાટીકા રજૂ કરાયેલ. મહાઆરતી બાદ કાર્યક્રમ સંપન્ન થયેલ.બહોળી સંખ્યમાં જ્ઞાતિજનો આ ધાર્મિક ઉત્સવમાં સામેલ થયા હતાં.

## શ્રી વડનગરા નાગર જ્ઞાતિ વ્ય. મંડળ, ભુજ

ભુજ ખાતે આ સંસ્થાના ઉપક્રમે તા. ૨૪/૧૨ના રોજ હાટકેશ કોમ્પલેક્ષમાં 'મારા વકીલાતના વ્યવસાયનાં સંસ્મરણો' વિષય ઉપર એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન થઈ ગયું. જેમાં મુંબઈ હાઈકોર્ટના જસ્ટીસ મૂળ પાટણના વતની અને ભુજ સાથે સામાજીક નાતો ધરાવતા શ્રી પ્રદીપભાઈ મજમુદારે પોતાના વકતવ્યમાં જણાવેલ કે ન્યાયનું કાર્ય પવિત્ર છે અને તેમાં જજ અને વકીલ બંને અગત્યનાં છે. અઢી દાયકા વકીલાતના વ્યવસાયના બહોળા અનુભવ બાદ ૧૧ વર્ષથી ગુજરાત તેમજ મુંબઈ ખાતે ન્યાયાધીશ તરીકે કાર્યરત શ્રી મજમુદારે વકીલ માટે ટેન્શન, મેન્સન અને એટેન્શન તથા જજ માટે પે, પ્રોમોશન અને પેન્સનની ઊકિતઓ સાથે જણાવેલ કે વકીલ સાચી રીતે રજૂ કરીને કે મૂકે પછી જજની જવાબદારી વધી જાય છે.

આ પૂર્વે કાર્યક્રમના પ્રારંભે જ્ઞાતિના પ્રમુખ શ્રી અતુલભાઈ એમ. મહેતાએ સૌને આવકારતાં મહેમાનનો પરિચય આપ્યો હતો. શ્રી હાટકેશ સિનિયર સીટીઝન કાઉન્સીલના પ્રમુખશ્રી પરિમલભાઈ એચ. ધોળકિયાએ શાલ ઓઢાડી, શ્રી વ.ના.મંડળના પ્રમુખશ્રી અવિનાશભાઈ પી. વૈશ્નવે જય હાટકેશનો ખેસ તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મંદાબેન આર. પટ્ટણીએ મોમેન્ટો આપી સ્વાગત કર્યું હતું.વરિષ્ઠ ધારાશાસ્ત્રી અને ટ્રસ્ટીશ્રી દર્શકભાઈ કે. બુચે વકતાનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રીશ્રી ડો. ઉર્મિલભાઈ એચ. હાથીએ કર્યું હતું જ્યારે વ્યવસ્થા શ્રી ભૌમિકભાઈ એ. વછરાજાનીએ સંભાળી હતી. આ ક્ષેત્ર સાથે સંકળાયેલા જ્ઞાતિ-ઈતર જ્ઞાતિના તજજ્ઞોની ઉપસ્થિતિમાં રસ ધરાવતા બંધુઓએ આ અનેરા કાર્યક્રમનો લાભ લીધો હતો.

## કુ. પ્રાચી બુચનું આરંગેત્રમ



અમદાવાદ સ્થિત શ્રી વામનરાય વિષ્ણુલાલ બુચનાં પોત્રી અને પ્રો. ઉજજવલ બુચનાં પુત્રી કુ. પ્રાચી (ઉ.વ.૧૪)નું આરંગેત્રમ તા.૮ ફેબ્રુઆરી ૨૦૧૧, વસંત પંચમીના રોજ ટાગોર હોલ,અમદાવાદ ખાતે યોજાઈ ગયું, કુ.પ્રાચી એ સતત સાત વર્ષ સુધી કલાગુરુ શ્રીમતિ કેતાબેન ઠકકર પાસે થી ભારતનાટયમ કલા નૃત્યની તાલીમ લઈને સમગ્ર જ્ઞાતિ અનેકુટુંબ ને ગૌરવ બક્ષેલ છે. આ સમારંભ માં ઔડાના ચેરમેન શ્રી ધર્મેન્દ્રભાઈ શાહએ ઉપસ્થિત રહીને કુ .પ્રાચીને પ્રમાણપત્ર અને આશીર્વચન આપેલ. વિવિધ મિડિયાકર્મીઓએ હાજર રહી ને નોધ લઈ પ્રકાશિત - પ્રસારિત કરેલ.

## વોરા અવટંકના ક્ષેત્રપાળની પુનઃપ્રાણપ્રતિષ્ઠા

ભુજ ખાતે આવેલ હાટકેશ્વર મહાદેવ મંદિરમાંના વડનગરા નાગર વોરા અવટંકના ક્ષેત્રપાળની પ્રાણપ્રતિષ્ઠાની પૂજનવિધિ, હવન તા. ૬/૨ના રોજ ભકિતભાવ અને મંત્રોચ્ચારથી જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં જ્ઞાતિના આચાર્ય શ્રી જીતુભાઈ વોરાના આચાર્ય પદે તેમજ કચ્છના વરિષ્ઠ પંડીત શ્રી જટાશંકરભાઈ પંડયાના સહયોગથી યોજવામાં આવેલ. સવારના ૯ વાગે પૂજન અર્ચન,હવનવિધિ કર્યા બાદ ક્ષેત્રપાળની સ્થાપના કરવામાં આવી હતી.વોરા પરિવાર વતી શ્રી ઉદય ભાસ્કરરાય વોરા તેમજ શ્રીમતી શ્રુતિબેન વોરા દંપતી હવનમાં બેઠાં હતાં તેમના હસ્તે ૧૨ વાગે બીડું હોમાયેલ. આ પ્રસંગે વોરાના ક્ષેત્રપાળની નિસ્વાર્થ સેવા-પૂજા કરતા શ્રી જીતુભાઈ વોરાનું આ સેવાની કદરરૂપે વોરા અવટંકના વડીલોના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન શ્રી સુભાષભાઈ વોરાએ કર્યું હતું.

## ડો. દિગંત ઝાલા એમ.બી.બી.એસ. થયા



વડોદરા સ્થિત ડો. તૃપ્તિ ઝાલા તથા ડો. જતીન ઝાલાના પુત્ર દિગંત ઝાલા તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ફાઇનલ એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થઇ માતા-પિતાના પગલે ડોક્ટર થયા. ડો. દિગંત શ્રી નટુભાઈ ઝાલાના પૌત્ર અને અંજનીબેન પ્રફુલ્લભાઈ મારૂના દોહિત્ર થાય છે.

અભિનંદન સહ શિક્ષણ- કારકિર્દી આગળ ધપાવો તેવી શુભકામના.

## દર્શન માંકડ સી. એ. થયા



રાજકોટ ના સ્વ.નવનીધરાય જે.માંકડ અને વિદુલા બેન માંકડના પૌત્ર અને સ્વ.રવિન્દ્રરાય એમ.રીંડાણી અને પ્રજ્ઞાબેન રીંડાણીના દોહિત્ર તે શ્રીમતી ભાવના અને વિજયકર માંકડના પુત્ર દર્શન માંકડ નવે.૨૦૧૦ માં લેવાયેલી સી.એ.(ફાઈનલ-બન્ને ગ્રુપ)પરીક્ષામાં રાજકોટમાં ચોથું સ્થાન પ્રાપ્ત કરી કુટુંબ અને જ્ઞાતીને ગૌરવ બક્ષેલ છે. ભાઇ દર્શન બી.કોમ,એલએલ.બી.ના અભ્યાસ ઉપરાંત સંગીત ક્ષેત્રે બેચરલ ઓફ પરફોર્મીંગ આર્ટસ (તબલા) સંગીત અલંકાર (તબલા તથા સંગીત વિશારદ ગાયન) પણ થયેલ છે.

## વત્સલ માંકડ સી. એ. થયા



મૂળ જામનગરના હાલ વડોદરા સ્થિત શ્રી જંયત ભાસ્કરરાય માંકડ અને શ્રીમતી સપના જયંત માંકડના પુત્ર વત્સલ, નવેમ્બર ૨૦૧૦ માં લેવાયેલી CA FINALની પરીક્ષામાં ઉતીર્ણ થયા.

જ્ઞાતિના બંને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસને અભિનંદન સહ આંકડા અને જીવનની આંટીઘૂંટી પાર કરવામાં સફળતા તેવી શુભેચ્છા પાઠવીએ.

## કુ. દેવની બક્ષી સન્માનિત થયાં



શ્રી વડનગરા નાગર મંડળના ૧૦૨માં વાર્ષિક સમારંભમાં મુંબઈ સ્થિત સ્વ.કલ્પનાબેન કૃષ્ણકુમાર પ્રિતમલાલ બક્ષીનાં પૌત્રી અને સ્વ.પારૂલબેન મહેશભાઈ નિતિરાય બુચનાં દોહિત્રી અને શ્રીમતી નીતાબેન મનિષભાઈ બક્ષીના પુત્રી દૅવની બક્ષી ને S.S.C.માં સમગ્ર મહારાષ્ટ્ર માં ૯૩.૨૭% સાથે સમસ્ત નાગર પરિવારમાં પ્રથમ આવવા બદલ 'શ્રી સારાભાઈ ઓઝા સ્મારક પારિતોષીક' એનાયત થયેલ છે. ઉપરાંત દરેક વિષયમાં પ્રથમ આવવા બદલ ૨૧ ઈનામો મેળવ્યાં. અભિનંદન અને સહ શુભેછા.

## ચિ. નમન માંકડ - તબલાં વાદનમાં પ્રથમ



સંગીત ક્ષેત્રે પગરણ માંડતા રાજકોટ સ્થિત ચિ. નમન કેતન માંકડ (ઉ. વ. ૯) વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય દ્વારા લેવાયેલ તબલાં વાદનની પરીક્ષામાં રાજકોટ કેન્દ્રમાં પ્રથમ ક્રમે આવ્યા. ચિ. નમન તબલાની તાલીમ જાણીતા તબલાનવાઝ નિતાઈ ચક્રવર્તીના શિષ્ય એવા નિરંજન રાધનપુરા પાસે લઈ રહયા છે.

બાળ તબલચીને અભિનંદન સાથે ઉત્તરોતર સફળતાની શુભકામના.

<u>તંદુરસ્ત રહેવા અને મન દુરસ્ત રાખવા</u>

## ડો. ડાયેટ - ડો. ક્વાયેટ - ડો. મેરીમેનને અનુસરો

ડો. ડાયેટ, ડો. કવાયેટ અને ડો. મેરીમેનની સલાહને જીવનમાં અનુસરશો તો બિમારી તમારાથી દૂર રહેશે..

આ ડોકટરો કોણ છે ?

**ડો. ડાયેટ છે...**ખોરાક એટલે કે ખાવા-પીવાનુ.એમ કહેવાય છે કે દુનિયામાં જેટલા લોકો ભૂખથી મૃત્યુ પામે છે તેના કરતાં વધારે લોકો વધુ પડતો અગર તો અનિયમિત ખોરાક ખાવાથી મૃત્યુ પામે છે.આયુર્વેદ તો વર્ષોથી પેટને રોગનું મૂળ ગણે છે. એક બહુ જૂનો ટૂચકો છે... એક નાના ગામમાં માતા અને તેનો ૫ વર્ષનો પુત્ર ચાલીને જતાં હતાં, પુત્રને ઠેંસ વાગીને પડતાં ગોઠણ છોલાયું-થોડું લોહી નીકળ્યું. જેથી માતા તેને ગામના વૈદ્ય પાસે લઈ ગઈ. વૈદ્યે માતાને પહેલો પ્રશ્ન કર્યો...'બેન બાબાને સવારે પેટ સાફ આવેલ?' ફરી આપણે ડો. ડાયેટ તરફ વળીએ. આપણો સામાન્ય ખોરાક જે ખાઇએ છીએ તે જો પ્રમાણસર અને સમયસર લેવામાં આવે તો તેનું પાચન બરોબર થાય છે અને તેમાંથી શરીરને જોઈતા બધાંજ પોષક તત્વો મળી રહે છે.પરંતુ દુ:ખની વાત એ છે કે આપણે ડો. ડાયેટની સલાહની ઘણીવાર અવગણના કરીએ છીએ. ભાવતું ભોજન જ નહીં ખીચડી પણ વધારે ખાઇ લેશો તો તે પણ પેટ બગાડે જ !

આપણા શરીરમાં કુદરતે અદભૂત 'ડીફેન્સ ફોર્સ'ની રચના કરી છે અને જ્યારે બહારથી રોગરૂપી દુશ્મન હલ્લો કરે છે તેનો સામનો કરવા આ લશ્કર વળતો હુમલો કરે છે પરંતુ આપણે આપણા જ આ લશ્કરને અનિયમિત ખાનપાન, ઉજાગરા, દોડભાગથી નબળું બનાવી દઈ રોગના ભોગ જાતે જ બનીએ છીએ.

એક સમજવા જેવી વાત છે.. એક જ ઘરમાં પતિ-પત્ની, બે બાળકો અને તેના માતા-પિતા સાથે રહે છે. એકાએક એક દિવસ બે બાળકો માંથી એકને ટાઢ સાથે તાવ આવે છે. ડોકટર કહે છે..ગામમાં મેલેરીયાના 'વાયરા' ઘણા છે.અગર તો 'વાયરલ ફીવર' બહુ છે સંભાળશો-દવા આપું છું.પશ્ન એ થાય કે એક જ ઘરમાં ૧૦ વ્યકિત માંથી મચ્છર એક જને કરડયું હશે ? અગર તો વાયરલ ઈન્ફેકશન કેમ એકને જ વળગ્યું ? જો બાળકની ચાર-પાંચ દિવસની ખાન-પાનની વિગત જોવામાં આવે તો જરૂર તેમાં ગરબડ થઈ હશે અને પેટની ખરાબીને લીધે મચ્છર કે વાયરલ વધુ બળવાન થઈ જતાં તાવ આવ્યો.

મા-બાપ પણ પોતાના બાળકની બિમારી માટે જવાબદાર હોય છે. જેમ કે ઘણાને એક ખોટો ખ્યાલ હોય છે કે બ્રેડ બટર કે ઈંડા ખવરાવી બાળકને જલ્દી બળવાન બનાવી દઉં. ઘણી વખત બાળકને દૂધ પીવાની ઈચ્છા ન હોય તો પણ ફરજીયાત દૂધ પીવરાવે છે જે બાળકનું પેટ બગાડી રોગને નોતરે છે. આ વસ્તુઓનો ઉપયોગ પણ સમજી વિચારીને અને પાચન શકિતને ધ્યાનમાં રાખીને જ કરવો જરૂરી છે.

**ડો. કવાયેટ :** એટલે કે શાંતિ. આજની જીંદગી ખુબ જ 'ટેન્શન'થી ભરપૂર છે. વિદ્યાર્થીઓને ભણવાનું-ટયૂશનનું,મા-બાપને સંતાનોને ભણાવવાનું, નોકરીયાત વર્ગને સમયસર કામ કરવાનું, પ્રા. કંપનીમાં નોકરી કરતા કે વ્યવસાય કરનારને ટારગેટ કવર કરવાનું, મીટીંગ, ટેન્ડર, પ્રોજેકટ,વેચેલ માલના પૈસા સમયસર મળશે કે નહી તેનું તો કોઈકને 'બોસ'નું ટેન્શન...આમ સવારથી સાંજ દરેકને સમય સાથે ભાગવાનું !!

આજનો એક મોટો પ્રશ્ન ઘર-ઘરમાં અકારણ અશાંતિ-ટેન્શન ઉભો કરતો પ્રશ્ન છે...કેજીથી ૧૨ ધોરણના બાળકોના પરીક્ષાના ગુણ-ટકા !! એટલી હદે આ રોગ ફેલાતો જાય છે કે સાંજે મહોલ્લામાં બાળકો ભેગાં થઈ રમતાં હોય,તેની મોજમાં હોય ત્યારે તેની માતાઓ પોતાના બાળક સાથે એકબીજાના

ટકા સરખાવવામાં વ્યસ્ત રહે છે અને પોતાના બાળકને બીજાથી ઓછા ટકા આવવાથી ટેન્શન ઉભું કરવામાં આવે છે. આ તે ટકાની કેવી ઘેલછા ? યાદ રહે આવી બાબતો પણ બિમારી નોતરે છે.

આવાં (ખોટાં)ટેન્શનમાં આપણે જાણે કે શાંતિને ભૂલી જ ગયા છીએ. આજની ભાગદોડ ભરી જીંદગીમાં બિમારીથી બચવાનો 'ઇલાજ' છે થોડી શાંતિ. દિવસ આખામાંથી ફકત ૧૦ મિનિટ ગમે ત્યારે ગમ્મે ત્યાં શાંત ચિત્તે બેસી બધા વિચારો દૂર કરી બેસી રહો-સૂતા રહો. વ્યવસ્થા હોય તો મનગમતું સંગીત પણ નીરાંતે બેસીને સાંભળો. કદાચ ઈસ્લામ ધર્મમાં આ માટે જ અલગ અલગ સમયે નમાઝનો નિયમ રાખવામાં આવ્યો હશે ? ખેર ! મેડીટેશન-ધ્યાન થોડા 'એડવાન્સ' ઉપાયો કહી શકાય.

**ડો. મેરીમેન :** આનંદમાં રહો-બીજાને આનંદમાં રાખો. ઘણી વ્યકિતઓ નજીવા કારણથી અકળાય જાય છે અને તેની અસર નીચે બે ચાર કલાક સુધી ઘરનું કે ઓફીસનું વાતાવરણ કલુસીત-ગંભીર થઈ જાય છે.જેની અસર આસપાસની બધી જ વ્યકિતઓ ઉપર પડે છે. આવું જો વારંવાર થયા કરે તો તેની અસર આપણા શરીર ઉપર પડે જ અને અકારણ બીમારી આવી પડે. આ માટે જ ડો. મેરીમેન સલાહ આપે છે કે ખુશ રહો-બીજાને ખુશ રાખો. ઓફીસમાં ભૂલ થાય, ઘરમાં કંઈક ભાંગે-તૂટે, રસોઈ બગડે, બાળક તોડફોડ કરે, તોફાન કરે, પરીક્ષામાં ઓછા માર્ક આવે કે નાપાસ પણ થાય તો તેની અસર લાંબો સમય રહેવી ન જોઇએ. JUST LET GO હા, તેના યોગ્ય ઉપાય વિચારી આગળ વધવું જ રહયું પણ તેને માટે આખો દિવસ ઉદાસ કે નીરસ રહેવાથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. બીપી કે સ્યુગરથી બચવા ડો. મેરીમેનની સલાહ જો યાદ રાખશો તો આ રોગથી દૂર રહેશો.

આમ, ડો. ડાયેટ, ડો. કવાયેટ અને ડો. મેરીમેનની સલાહને અનુસરવા પ્રયત્ન કરશો તો તમે તન થી સ્વસ્થ અને મનથી પ્રસન્ન રહી શકશો.

– આ થીયરી અપનાવનાર એક સ્વસ્થ વાંચક

## જામનગરમાં 'હાસ્ય દરબાર' ભરાયો



જામનગર ખાતે વિતેલા વર્ષની વિદાય અને નવા વર્ષના આગમનને વધાવવા શ્રી જામનગર વ. ના. જ્ઞાતિ દ્વારા લોહાણા મહાજન વાડી ખાતે 'હાસ્ય દરબાર' કાર્યક્રમનું આયોજન થઈ ગયું. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત જામનગર જીલ્લાના પોલીસ સુપ્રિટેન્ડન્ટ શ્રી સુભાષભાઈ ત્રિવેદીના દીપપ્રાગટય બાદ બહેનોએ મા જગદંબા ગરબાથી કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. મંત્રીએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા. ત્યારબાદ સમાજ જીવનમાંથી લુપ્ત થતા હાસ્યને શ્રી જગદીશ ત્રિવેદીએ પ્રગટાવી ઉપસ્થિત શ્રોતાઓને હસાવી મનરંજન પૂરૂ પાડેલ. સાંસ્કૃતિક સમિતિના ચેરપર્સન શ્રીમતી સોનલબેન નાણાવટીના માર્ગદર્શન અને તેમની જહેમતથી યોજાયેલ આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો અંતમાં હૂંફાળી ઠંડીમાં ગરમાગરમ ખીચું આરોગી હસતાં-હસતાં વિખરાયેલ.

## નાનકડા શ્રેષ્ઠ વાચક વિરાજ માંકડ



રાજકોટના શ્રી શૈલેષભાઈ બી. માંકડના પૌત્ર તથા સ્વ.શ્રી સતિષભાઈ અંતાણીના દોહીત્ર તે અમદાવાદ સ્થિત પ્રશાંત-ફાલ્ગુની માંકડના પુત્ર ચિ.વિરાજે (ધો.૫) 'વાંચે ગુજરાત' સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી રૂા.૮૭૫/-નો પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે. નાનકડા વાંચકને અભિનંદન.